# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૧૭/૦૩/૨૦૨૫ થી તા.૨૩/૦૩/૨૦૨૫ સુધી)

(૧)

તા-૧૮/૦૩/૨૦૨૫ ના કલાક-૧૭/૦૦ વાગ્યે મોજે ભાભરજુના સમીર પી,સી,ઓની પાછળ ખુલ્લી જગ્યામાં ધાબા ઉપર આ કામના ત્હોદારોએ (૧) કુલદીપસિંહ પ્રતાપસિંહ જાતે.રાઠોડ ઉ.વ.૨૨ ધંધો.મજુરી રહે.ભાભરજુના જુના તા.ભાભર (૨) પ્રતાપસિંહ મગનસિંહ જાતે.રાઠોડ રહે.ભાભરજુના તા.ભાભર (૩) અર્જુનસિંહ ઉર્ફે બલુભા ભીખુભા જાતે વાઘેલા ઉ.વ-૩૬ ધંધો.મજુરી રહે.ભાભરનવા તા.ભાભર (૪) સ્વરૂપસિંહ હાઉભા જાતે રાઠોડ ઉ.વ-૩૫ ધંધો.ખેતી રહે.ભાભરજુના તા.ભાભર જી.બનાસકાંઠા (૫) મુકેશભાઇ ધીરજલાલ જાતે.જયસ્વાલ ઉ.વ-૩૨ ધંધો.મજુરી રહે.ભાભરનવા શાળાનં.૦૩પાસે વાવ રોડ તા.ભાભર મુળ રહે.બુકણા તા.વાવ (૬) નાગજીજી ધમાજી જાતે.ઠાકોર ઉ.વ-૪૨ ધંધો.ખેતી રહે.કુવાળા તા.ભાભર જી.બનાસકાંઠા (૭) જયંતીભા વિજુભા જાતે.રાઠોડ ઉ.વ-૪૯ ધંધો.મજુરી રહે.ભાભરજુના વિજયનગર તા.ભાભ (૮) ચતુરજી વિરચંદજી જાતે.ઠાકોર ઉ.વ-૩૮ ધંધો.ખેતી રહે.નસરતપુરા(તેરવાડા) તા.કાંકરેજ (૯) હસમુખભાઇ બાવાજી જાતે.સોલંકી ઉ.વ-૩૪ ધંધો.મજુરી રહે.ઇશ્વરીયા તા.વાવ (૧૦) રામાજી ધુડાજી જાતે.પરમાર ઉ.વ-૪૪ ધંધો.ખેતી રહે.ઓગડપુરા(તેરવાડા) તા.કાંકરેજ (૧૧) રાયચંદજી નાગજીજી જાતે.ઠાકોર ઉ.વ-૪૫ ધંધો.મજુરી રહે.વાછરડા તા.વાવ ભાભરજુના સમીર પી,સી,ઓની પાછળ ખુલ્લી જગ્યામાં ધાબા ઉપર ગંજીપાના વડે તીનપતિનો હારજીતનો જુગાર રમી રમાડી તથા આંક ફરકનો જુગાર રમાડી સદરે તહો.નં-૦૧ તથા નં.૦૩ થી નં.૧૧ ઇસમોની અંગ જડતી અને પટ પરથી મળી કુલ રોકડ રૂ.૧૧૩૧૦/- તથા મોબાઇલ નંગ-૦૮ જેની કિ.રૂ.૪૦૦૦૦/-ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા એક પીળા કલરના પુઠ્ઠાવાળી ડાયરી જેની કિ.રૂ.૦૦/૦૦ ગણી તથા એક વાદળી કલરની બોલપેન જેની કિ.રૂ.૦૫/૦૦ ગણી તેમજ એક કેલ્ક્યુલેટર જેના ઉપર અંગ્રેજીમાં CITLLZEN લખેલ છે જેની કિ.રૂ.૧૦૦/- એમ મળી કુલ્લે કિ.રૂ. કિ.રૂ.૫૧૪૧૫/- ના મુદામાલ સાથે પકડાઇ જઇ તથા તહો.નં.૨ નાઓ હાજર નહી મળી આવી ગુનો કરેલ હોઇ ભાભર પો.સ્ટે.પાર્ટ-બી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૭૨૫૦૧૫૧/૨૫ જુગારધારા ક-૧૨,૧૨(અ) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા ૧૯/૦૩/૨૦૨૫ ના કલાક – ૧૮:૩૦ વાગે. મોજે વેળાવાપુરા ગામે આવેલ સવસિંગ ડુંગરસિંગના રહેણાંક ઘર આગળના ભાગે લિમડાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં આ કામના આરોપીઓ (૧)સવસિંગ ડુંગરસિંગ જાતે જાદવ ઉવ.૫૫ ધંધો-ખેતી (૨)ભરતસિંગ વખતસિંગ જાતે જાદવ ઉવ.૨૫ ધંધો-ખેતી (૩)દલપતસિગ દિવાનસિંગ જાતે જાદવ ઉવ.૫૦ ધંધો-ખેતી (૪)વિજયસિંગ ગંભીરસિંગ જાતે જાદવ ઉવ.૪૨ ધંધો-ખેતી (૫)રાજુસિંગ પરથીરાજ જાતે જાદવ ઉવ.૪૩ ધંધો-ખેતી (૬)સેથસિંગ થાનસિંગ જાતે જાદવ ઉવ.૩૦ ધંધો-ખેતી (૭)પ્રવિણસિંગ ધુડસિંગ જાતે જાદવ ઉવ.૪૦ ધંધો-ખેતી (૮)ભારતસિંગ સરદારસિંગ જાતે જાદવ ઉવ.૩૫ ધંધો-ખેતી રહે. તમામ વેળાવાપુરા તા.ડીસા જી.બનાસકાંઠા ખુલ્લી જગ્યામાં જાહેરમાં ભેગા મળી ગંજીપાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમી-રમાડી રોકડા રૂપિયા-૧૪૦૫૦/- તથા મોબાઇલ નંગ.-૦૫ જેની કિ.રૂ.૨૧૦૦૦/- તથા ગંજીપાના નંગ- ૫૨, કિં.રૂા.૦૦/- એમ કુલ્લે રૂપિયા ૩૫૦૫૦/-ના મુદ્દામાલ સાથે ઉપરોકત ઇસમો પકડાઈ જઇ ગુન્હો કરેલ હોઇ ડીસા રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ B ગુ.ર.નં. 11195019250243 /2025,ધી જુગાર ધારા કલમ- ૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.૧૯/૦૩/૨૦૨૫ ના ક.૧૩/૦૦ થી કલાક ૨૦/૪૦ દરમ્યાન મોજે વિરમપુર ગામની સીમ આ કામે આરોપીઓએ (૧) મુકેશજી બનાજી ઠાકોર ઉ.વ.૩૦ ધંધો.ખેતી રહે.વિરમપુર ગામની સીમ તા.અમીરગઢ વાળાએ પોતાના કબજા ભોગવટાના વરીયાળી તથા ઘઉંના વાવેતરની પાસે બે ક્યારામાં અફીણનુ વાવેતર કરી તેમાંથી મળી આવેલ અફીણના ડુંડા ૨ કિલો ૩૨૩ ગ્રામ કિ.રૂ.૨૩,૨૩૦/- તથા (૨) વીરચંદભાઇ ભેમાભાઇ ઠાકોર ઉ.વ.૩૫ ધંધો.ખેતી રહે.વિરમપુર ગામની સીમ તા.અમીરગઢ વાળાએ પોતાના કબજા ભોગવટાના મકાઇના વાવેતરમાં એક ક્યારામાં અફીણના છોડનુ વાવેતર કરી અફીણના ડુંડા ૧ કિલો ૯૯૪ ગ્રામ કિ.રૂ.૧૯,૯૪૦/- નો તથા અન્ય મુદ્દામાલ મળી બંન્નેના ખેતરમાંથી કુલ કિ.રૂ.૪૩,૧૭૦/- સાથે બંન્ને આરોપીઓ પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ અમીરગઢ પો.સ્ટે. પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૩૨૫૦૨૧૭/૨૦૨૫ એન.ડી.પી.એસ. એક્ટ કલમ ૮(સી),૧૮(એ) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

તા.૨૨/૦૩/૨૦૨૫ ના કલાક – ૧૬/૩૦ વાગે મોજે કાંટ ગામે આ કામના આરોપીઓ (૧) કાંન્તીભાઇ રૂપાભાઇ પરમાર (૨) અશોકભાઇ લક્ષ્મણભાઇ વાલ્મિકી (૩) રાહુલભાઇ કેશાભાઇ જાતે નાઇ (૪) ભીખાભાઇ પરબતભાઇ ઠાકોર તમામ રહે.કાંટ તા.ડીસા જી.બનાસકાંઠા કાંટ ગામમાં ગવાડીયા તળાવની બાજુમાં આવેલ બાવળની ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જાહેરમાં ભેગા મળી ગંજીપાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમી રમાડી રોકડા રૂપિયા ૧૫૯૦૦ તથા મોબાઈલ નંગ ૦૨ જેની કિ રૂ ૫૫૦૦ તથા ગંજીપાના નંગ ૫૨ કિ રૂ ૦૦ એમ કુલ્લે રૂપિયા ૨૧૪૦૦ ના મુદ્દામાલ સાથે ઉપરોકત ઇસમો પકડાઈ જઇ તેમજ બે ઇસમો નાસી જઇ ગુન્હો કરેલ જઇ ગુન્હો કરેલ હોઇ ડીસા રૂરલ પો.સ્ટે.પાર્ટ-બી.ગુ.ર.નં.11195019250256/2025,ધી જુગાર ધારા કલમ- ૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.